ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

શહેરમાં પ્રથમ વખત યોજાયો ડોગ કાર્નિવલ

ડોગ કાર્નિવલમાં કુલ ૪૦ જેટલા પેટ ડોગ આકર્ષણનું કેન્દ્ર બન્યા : વિજેતા ડોગને પ્રાઈઝ એનાયત કરાયું : ગાંધીનગરના મોટા ભાગના ડોગ લવર્સ આ કાર્નિવલમાં જોડાયા હતા

ગાંધીનગર, તા. ૨૩

દેશભરમાં પેટ ડોગ્સ લોકો માટે સ્ટેટસ સિમ્બોલ બની ગયા છે. ડોગ લવર તેના ઉછેર માટે હજારો રૂપિયા ખર્ચ કરતા હોય છે અને તેમાં પણ ખાસ કરીને તેઓને તાલીમ આપીને ડોગ શો માં મોકલવાનો ટ્રેન્ડ દિવસે ને દિવસે વધી રહ્યો છે. ત્યારે ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત ડોગ કાર્નિવલનું ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યુ હતુ. જેનું નામ છે 'PAWS AND FUR' ડોગ કાર્નિવલ. તારીખ ૨૩ એપ્રિલના રોજ શિવ ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ, ઉર્જાનગર પાસે આ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ જેટલા વિવિધ ડોગ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. આ ડોગ કાર્નિવલમાં ફેશન શૉ, બોલ પુલ, ફન ગેમ, સેલ્ફી પોઈન્ટ, કેક કટીંગ સહિતની પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જેમાં વિજેતા ડોગ માટે આકર્ષક અને ઉપયોગી ગીફ્ટ આપવામાં આવી હતી. સાંજે ૬.૩૦ કલાકથી આ ડોગ કાર્નિવલનો પ્રારંભ થયો હતો. જ્યાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ અને આસપાસના એરિયામાંથી ડોગ લવર્સે ભાગ લીધો હતો. અને તેમના ડોગને સુંદર રીતે તૈયાર કરીને

● અનુસંધાન પાન-૭ પર

ટેટ-૨ની પરીક્ષામાં ૪૦૨૦ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા

કુલ ૨૫૫૯૮ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા : ગેરરિતીનો કોઈ કિસ્સો નહિ

ગાંધીનગર જિલ્લામાં પણ ટેટ ૨ની પરીક્ષા માટે ૨૯,૬૧૮ ઉમેદવાર નોંધાયા હતા જો કે પરીક્ષામાં કુલ ઝોન એક અને બે માં મળીને કુલ ૨૫૫૯૮ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા જયારે ૪૦૨૦ ની હાજરી ઘટી હતી પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ના થાય તે માટે માટે તમામ કેન્દ્ર પર ઓબ્ઝર્વર વર્ગ ૧અને ૨ના અધિકારીઓ પણ રાઉન્ડ લેતા નજરે પડ્યા હતા. પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ સહિત ઈલેકટ્રોનિક ઉપકરણ પણ લઈ જવા દેવામાં આવ્યા ન હતા પરીક્ષા દરમિયાન ગેરરીતિનો કોઈ કિસ્સો નોંધાયો નથી તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે

ધોરણ ૬થી ૮માં માટે શિક્ષકની ઘટ નિવારવા આજે ટેટ ૨ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું ગાંધીનગર જિલ્લાના બે ઝોન પાડી ને પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જે અન્વયે ઝોન ૧માં ૫૬ કેન્દ્ર નિયત કરવામાં આવ્યા હતા અને ઝોન ૨માં ૪૩ કેન્દ્ર પર પરીક્ષાલક્ષી આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર, કલોલ, દહેગામ અને માણસા સહિતના કેન્દ્રો પર સીસી ટીવી કેમેરાની વોચ સાથે પરીક્ષા દરમિયાન પુરતી પારદર્શકતા જળવાઈ રહે તે મુજબ આયોજન કરવામાં આવ્યું હતું

સ્ટ્રોંગરૂમ પરથી પરીક્ષાનું સાહિત્ય દરેક કેન્દ્ર પર પહોંચાડવાની જવાબદારી સરકારી પ્રતિનિધિઓએ નિભાવી હતી જેમાં ૧૦૦ પ્રતિનિધિઓએ જવાબદારી સંભાળી હતી જયારે પરીક્ષાના સાહિત્યના પરિવહન વખતે હથિયારધારી પોલીસ બંદોબસ્ત પણ પૂરો પાડવામાં આવ્યો હતો જયારે પરીક્ષા પુરી થયા બાદ સીસી ટીવીના ફૂટેજની ચકાસણી કરવાની વ્યવસ્થા પણ ગોઠવવમાં આવી હતી તમામ પરીક્ષા કેન્દ્રો પર પણ મહિલા સહિત પોલીસ બંદોબસ્ત પણ નજરે પડ્યો હતો જયારે ગરમીના દિવસોમાં પુરતી પ્રાથમિક સુવિધા પણ મળી રહે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું હતું

એઆરટીઓએ એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ અંતર્ગત ૧૭ કરોડથી વધુનો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર એ.આર.ટી.ઓ.ની કચેરી દ્વારા વિતેલા નાણાંકીય વર્ષમાં એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ અંતર્ગત રૂ. ૧૭ કરોડથી વધુની આવક દંડ પેટે વસુલી છે.

નિર્ધારીત ગતિ કરતાં વધુ ગતિએ ગાડી ચલાવનાર ૨૦૪ : ઓવર લોડીંગના ૭૦૦થી વધુ વાહન ચાલકો તથા નો-પાર્કિંગ ઝોનમાં વાહન પાર્ક કરનાર ૧૨૧ વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી

મળતી વિગતો પ્રમાણે નિર્ધારીત ગતિ કરતાં વધુ ગતિએ ગાડી ચલાવનાર ૨૦૪ જેટલા લોકોને પકડી તંત્રએ દંડનીય કાર્યવાહી કરી છે. તંત્રએ તેની આ ઝુંબેશ દરમ્યાન નો.પાર્કિંગ ઝોનમાં વાહનો પાર્ક કરી જનાર ૧૨૧ વાહનચાલકો સામે પણ દંડનીય કાર્યવાહી કરી છે.

મળતી વિગતો પ્રમાણે ૭૦૦થી વધુ વાહનચાલકો સામે ઓવર લોડ ભરી જતા પકડી પાડી દંડનીય કાર્યવાહી કરી છે. ડ્રાઈવીંગ લાયસન્સ વિના વાહન હંકારતા ૬૦૦થી વધુ લોકોને પકડી તેમની સામે દંડનીય કાર્યવાહી કરી છે.

ફોર વ્હીલ વાહનમાં સીટ બેલ્ટ ફરજીયાત હોવા છતાં સીટ બેલ્ટ નહિ બાંધનારા ૧૯૦થી વધુ વાહનચાલકો સામે તેમજ હેલ્મેટ વગર વાહન ચલાવતા ૧૪૦ લોકો સામે અને ઓવર સ્પીડ ધરાવતા ૨૭ જેટલા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી હતી.

તંત્રની આ ડ્રાઈવ દરમ્યાન ૩૨૭ વાહનોના માલિકો પાસેથી નિયત મુજબની નંબર પ્લેટ નહિ લગાવવા માટે દંડ વસુલ્યો હતો. વિમા વગર વાહન ચલાવતા ૪૦૨ને પણ દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત પી.યુ.સી. વગરના વાહન ચલાવતા ૫૫૦થી વધુ વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી હતી.

ગાંધીનગર શહેર-જિલ્લામાં એ.આર.ટી.ઓ.નું તંત્ર હરકતમાં આવ્યુ છે અને શહેર-જિલ્લામાં વાહન અકસ્માતો ઘટે તે માટે આગામી દિવસોમાં પણ આવી સઘન ઝુંબેશનું આયોજન હાથ ધર્યુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ઓવરલોડ અને ઓવર ડાયમેનશનના કેસો કરી તંત્રએ એક કરોડથી વધુનો દંડ વસુલ્યો છે. પરમીટ વગર ફરતા ૬૦ વાહનો પકડી અને દંડ વસુલવામાં આવ્યો છે.

શહેરમાં મહત્તમ તાપમાન ૪૦.૨ ડિગ્રી

જનજીવન ગરમીથી પ્રભાવિત : છેલ્લા બે દિવસમાં ગરમીનો પારો ૨.૨ ડીગ્રી ઉંચકાયો : આગામી દિવસોમાં વાતાવરણ પલ્ટાની પણ સંભાવના છે ત્યારે ગરમીનો મિજાજ પણ ઉગ્ર

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર છેલ્લા બે મહીનાથી સતત વાતાવરણ પલ્ટાની અસરથી પ્રભાવિત છે. જેના લીધે ગરમીની મોસમ વરસાદી વાદળોની જેમ હાજરી પુરાવી અદ્રશ્ય થઈ જાય છે. વારંવાર થતા વાતાવરણ પલ્ટાના લીધે ગરમીના પારાની સતત ચઢ ઉતર જોવા મળે છે. જો કે હવે ગરમીની મોસમ જમાવટ તરફ આગળ વધી રહી છે. એકબાજુ આગામી દિવસોમાં માવઠાની સંભાવના પણ વ્યકત કરવામાં આવી છે. ત્યારે આજે ગરમીનો પારો ૪૦ ડીગ્રીની પાર જતો રહ્યો હતો. છેલ્લા બે દિવસમાં મહત્તમ તાપમાન ૨.૨ ડીગ્રી ઉપર આવ્યુ છે. આજે દિવસ દરમિયાન નગરજનોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે રજાના દિવસે ગરમીનો પારો તપતા સેકટરોની શેરીઓમાં બપોરના સમયે સુનકાર જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં ઉનાળાની મોસમ જમાવટ તરફ આગળ વધી રહી છે. અત્યાર સુધી અલબત્ત છેલ્લા બે મહીનાથી સતત વાતાવરણ પલ્ટાના લીધે ગરમીની મોસમ શરૂ જ ન થઈ હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા હતા જયારે છેલ્લા બે દિવસથી સતત ગરમીનો પારો ઉપર આવી રહ્યો છે. આજે પણ ગઈકાલની સાપેક્ષમાં ગરમીનુ પ્રમાણ ૧.૨ ડીગ્રી વધ્યુ હતુ જયારે છેલ્લા બે દિવસમાં મહત્તમ તાપમાન ૨.૨ ડીગ્રી ઉંચકાયુ છે. આજે ગરમી વધતા નગરજનોએ દિવસ દરમિયાન આકરો તાપ અનુભવ્યો હતો. દિવસે અંગ દઝાડતી ગરમીથી જનજીવન પ્રભાવિત થયુ હતુ રજાનો દિવસ હોવાથી ગરમીની અસર વચ્ચે દિવસ દરમિયાન શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં પણ કોઈ વિશેષ ચહલ પહલ જોવા મળી ન હતી જયારે બપોરના સમયે શોપિંગ બજારમાં પણ સન્નાટો રહ્યો હતો. એકબાજુ બોર્ડ પરીક્ષાના અંતે હવે વિવિધ કક્ષાના વિદ્યાર્થીઓ પણ પરીક્ષાના ભારથી મુકત થઈ રહ્યા છે. ત્યારે ગરમીની સિઝન સાથે વેકેશનની મોસમ પણ નિખરી રહી છે. ઉનાળાની આકરી ગરમીના દિવસો શરૂ થતા નગરમાં ધીમે ધીમે રાત્રિની રોનક નિખરી રહી છે. રાત્રિના સમય દરમિયાન સેકટરોમાં મોડે સુધી ચહલ પહલ જોવા મળી રહી છે. રાત્રિના સમયે આઈસ્ક્રીમ પાર્લરો તેમજ શેરડીના રસ સહીત ઠંડા પીણા પીવા માટે પણ વિવિધ ઠેકાણે ભીડ જોવા મળે છે. એકબાજુ ગરમી પ્રકોપ વધી રહ્યો છે. ત્યારે હવામાન તજજ્ઞોના મતે આગામી દિવસોમાં હજુ પણ હવામાન પલ્ટાની અસર જોવા મળશે. જેના લીધે વંટોળ અને આંધી સાથે વરસાદ આવશે આગામી તા ૨ મેં સુધી ગાંધીનગર અમદાવાદ સહીત રાજયના વિવિધ ભાગોમાં વરસાદ થવાની સંભાવના છે. માવઠાની મોસમ છેલ્લા માર્ચ મહીનાથી સતત ચાલુ છે. જેના લીધે ખેડુતો પણ પરેશાન

● અનુસંધાન પાન-૭ પર

આગામી ત્રણ દિવસ ગરમીનો પારો વધશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આગામી ત્રણ દિવસ દરમ્યાન ગરમીનો પારો ૪૦ થી ૪૧ ડિગ્રી રહેવાનું હવામાન-પૂર્વાનુમાન છે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન અંગે જારી કરાયેલા બુલેટીનમાં તા. ૨૨ થી ૨૬ એપ્રિલના અનુમાનમાં આ પૂર્વાનુમાન કરવામાં આવ્યુ છે.

૨૪ અને ૨૫ એપ્રિલના રોજ તાપમાનનો પારો ૪૦ ડિગ્રી જ્યારે ૨૬મીએ તાપમાનનો પારો ૪૧ ડિગ્રીએ પહોંચશે. આ ત્રણ દિવસ દરમ્યાન લઘુત્તમ તાપમાન ૨૫ થી ૨૬ ડિગ્રી સે. રહેવાનું પણ હવામાન-પૂર્વાનુમાન છે.

રિકવરી રેટ ૯૫ ટકાને પાર થયો : આજે ૧૫ને ડિસ્ચાર્જ

શહેરમાં કોરોનાના નવા ૨ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૬ કેસ નોંધાયા

ગાંધીનગરના સરગાસણ અને જીઈબી વિસ્તારમાંથી એક-એક કેસ મળ્યો : દહેગામ-કલોલમાં એક-એક કેસ અને ગાંધીનગરમાં ૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાના નોંધાયેલા કેસ કરતાં રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વિશેષ છે. શહેર-જિલ્લામાં કોરોનાનો રિકવરી રેટ ૯૫ ટકાને પાર થયો છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા છે. કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતારને કારણે તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો છે. હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે જે તંત્રને માટે રાહતરૂપ છે.

ગાંધીનગર શહેરમાં આજે બે કેસ નોંધાયા છે. જેમાં એક મહિલા અને વીસ વર્ષથી નાની વયના એક દર્દીનો સમાવેશ થાય છે.

શહેરના સરગાસણ ગામેથી ૬૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જીઈબી કોલોનીમાંથી ૧૯ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલ બન્ને દર્દી કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નથી. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ બન્ને દર્દી કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તંત્રએ તપાસ હાથ ધરી અને તેમના સંપર્કમાં આવેલા લોકોને આઈસોલેટ કરવાની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬ નવા કેસ નોંધાયા છે. દહેગામ-કલોલમાં એક-એક કેસ તેમજ ગાંધીનગરમાં ૪ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ ૬ કેસમાં ૩ મહિલા દર્દી છે જ્યારે એક નવ વર્ષનું બાળક પણ સંક્રમિતોની યાદીમાં છે. ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી રહી છે.

દહેગામના ખાનપુર ગામેથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાં ભાડજ ગામેથી ૨૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે જેમાં બે કેસ મગોડી ગામેથી અને બે કેસ ઉવારસદ ગામેથી મળી આવ્યા છે. મગોડી ગામેથી આજે નોંધાયેલ બન્ને દર્દી મહિલા છે. ૫૦ વર્ષીય મહિલા અને ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઉવારસદ ગામેથી ૫૨ વર્ષીય મહિલા અને નવ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં નવા નવા વિસ્તારોમાંથી કેસો મળવાના શરૂ થયા હોવાથી તંત્રની દોડધામ વધી છે. ગ્રામ્યવિસ્તારમાં ૧૬૦૦થી વધુ લોકો હોમ આઈસોલેટ કરાયા છે.

તંત્રએ મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યુ છે.

ઉનાળામાં માટલાનુ પાણી અમૃતની ગરજ સારે છે. કાળઝાળ ગરમીમાં રાહત અને તૃપ્તિ આપી તરસ છીપાવતુ માટલાનુ પાણી શરીરને અજબ ઠંડક આપે છે. ફ્રીઝમાં ઠંડુ કરેલુ પાણી ગમે તેટલુ પીએ પરંતુ જે તૃપ્તિ માટલાના પાણીમાં મળે છે તેવી તૃપ્તિ તેમાં મળતી નથી. ઉનાળો જામ્યો છે ત્યારે દેશી ફ્રીઝ કહેવાતા માટલાની અવનવી વેરાયટી બજારમાં જોવા મળી રહી છે.

ટેટ-ટુ ની પરીક્ષાને અનુલક્ષી વિવિધ માર્ગો પર સાંજે ટ્રાફિક જામના દ્રશ્યો

રજાના દિવસે પણ અડાલજ શેરથા, એસ જી હાઇવે પર વૈષ્ણોદેવી સહીતના વિવિધ જંકશન પર ટ્રાફિકથી શિરદર્દ : યોગ્ય ટ્રાફિક નિયમનના અભાવથી વાહનચાલકોમાં આક્રોશ

ગાંધીનગર તા ૨૩

આજે ટેટ ટુ ની પરીક્ષાને અનુલક્ષી શહેર અને જિલ્લામાં વિવિધ માર્ગો પર દિવસ દરમિયાન ખાસ કરીને સવારે અને સાંજના સમયે માર્ગો પર ટ્રાફિકનુ પ્રમાણ ખુબ જ વધી ગયુ હતુ પરીક્ષાના અંતે એસ જી હાઈવેના વૈષ્ણોદેવી સહીતના વિવિધ જંકશન તેમજ અડાલજ શેરથા માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. વાહનોની વધતી સંખ્યાની સાથે રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે.આમછતા ટ્રાફિક જામની સમસ્યા હજુ પેચીદી છે. પરીક્ષાના આયોજન સંદર્ભે રૂટમાં જરૂરી ટ્રાફિકનુ સંચાલન થાય તે માટે પણ પોલીસ પહેરાનો અભાવ જોવા મળ્યો હતો. જેના લીધે પરીક્ષાર્થીઓ ટ્રાફિકમાં ફસાયા હતા.

ગાંધીનગરમાં આજે ટેટ ટુ ની પરીક્ષાને અનુલક્ષી શહેર જિલ્લાના માર્ગો પર વિશેષ ટ્રાફિક જોવા મળ્યો હતો. રજાનો દિવસ હોવાની સાથે ગરમી પ્રકોપ વચ્ચે સવારે અને સાંજના સમયે માર્ગો પર ટ્રાફિક વધી ગયો હતો જેમાં જિલ્લાના વિવિધ માર્ગો પર વાહનોની વિશેષ અવરજવરના લીધે ઘણાં ઠેકાણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા જેથી પરીક્ષાના અંતે ઘરે જતા પરીક્ષાર્થીઓ પણ રસ્તામાં ટ્રાફિક જામથી ગળે આવી ગયા હતા અડાલજ શેરથા માર્ગ પર પણ આવી જ સ્થિતિ સર્જાઇ હતી. ઠેર ઠેર ટ્રાફિક જામના લીધે વાહનચાલકો પરેશાન થઇ ગયા હતા. જો કે પરીક્ષાર્થીઓ અને તેમના પરિવારજનોના જણાંવ્યા મુજબ પરીક્ષાને અનુલક્ષી વિવિધ માર્ગો પર ટ્રાફિકની વિશેષ અવરજવર રહી હતી છતા ટ્રાફિકના સંચાલન માટે યોગ્ય પોલીસ પહેરો જોવા મળ્યો ન હતો જેના લીધે ટ્રાફિકની મુવમેનટ પણ ધીમી રહી હતી આવા સંજોગોમાં સવારથી પરીક્ષા આપી સાંજ સુધી અકળાયેલા પરીક્ષાર્થીઓએ ગરમીમાં વધુ હાલાકી વેઠવી પડી હતી. ખાસ કરીને અડલાજ થી શેરથા રૂટમાં પણ ટ્રાફિકની સમસ્યા વધુ પેચીદી બની હતી. શહેર તેમજ જિલ્લાના આસપાસના માર્ગો અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. જયારે એસ જી હાઈવે ઉપર પણ વિવિધ જંકશન પર ઓવરબ્રિજ તૈયાર કરી દેવાયા છે. ત્યારે ટ્રાફિકની અવરજવર અગાઉ કરતા ઘણી સરળ બનતી જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

કાંકરિયા તળાવ હવે સોમવારે પણ ખુલ્લું રહેશે

અમદાવાદ, તા.૨૩

અમદાવાદમાં ફરવાલાયક સ્થળોમાંનું એક છે કાંકરિયા લેક. આ સ્થળ વિવિધ સુવિધા, એડવેન્ચર એક્ટિવિટી, મનોરંજનથી ભરપૂર છે. જેને કારણે અહી બારેમાસ મુલાકાતીઓ રહેતા હોય છે. ત્યારે વેકેશન શરુ થતા જ અહીં મુલાકાતીઓની સંખ્યા વધી જાય છે. આવામાં એએમસી દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે કે, કાંકરિયા તળાવ હવે સોમવારે પણ ખુલ્લુ રહેશે. જેથી વધુ મુલાકાતીઓ તેનો લાભ લઈ શકે. અમદાવાદનું કાંકરિયા તળાવ એટલે બાળકોને મામાના ઘર જેવુ લાગે. અમદાવાદમાં વેકેશન માટે કાંકરિયા તળાવ સ્વર્ગ સમાન છે. ત્યારે હવે અમદાવાદના કાંકરિયા તળાવની સોમવારે પણ મુલાકાત લઈ શકાશે. ઉનાળુ વેકેશન શરૂ થતા સોમવારે કાંકરિયા ખુલ્લુ રાખવાનો નિર્ણય લેવાયો છે. વેકેશનમાં કાંકરિયા ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ અહીં આવતા હોય છે. તેથી પ્રવાસીઓની હાલાકી ના પડે તે માટે સોમવારે પણ કાંકરિયા ખુલ્લું રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Pidilite Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com